## રાજકોટ મહાનગરપાલિકા
### ટાઉન પ્લાનીંગ શાખા,

શ્રી ઝવેરચંદ મેઘાણી ભવન, પૂર્વ ઝોન કચેરી, ટાઉન પ્લાનીંગ શાખા,
રાજમોતી ઓઈલ મીલ સામે, ભાવનગર રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૩

www.rmc.gov.in

રા.મ્યુ.કો./ટી.પી./ઈ.ઝોન/જા.નં. : ૩૫૬૩ તા.૦૨/૦૧/૨૦૨૫

**નામદાર સુપ્રિમ કોર્ટના હુકમ અન્વયેનો સ્પીકીંગ ઓર્ડર**

તમો શ્રી જતીનભાઈ પરસોત્તમભાઈ કિયાડા, સરનામુ: ગુજરાત રામનાથ ઈન્ડસ્ટ્રીઝ શેરી નં.૨, રામવન પાસે, રાજકોટ. વોર્ડ નં.૧૫ ની તમારા કબ્જાની જમીન ઉપર કરેલ ગેરકાયદેસર બાંધકામ અન્વયે તમોને જી.પી.એમ.સી. એક્ટની કલમ-૨૬૦ (૧) મુજબની નોટીસ/મનાઈ હુકમ નં.૬૧/૬૨, તા.૨૫/૦૭/૨૦૨૪ થી આપવામાં આવેલ હતી. ઉક્ત નોટીસ બાદ પ્રથાનુસાર ઈ.ઓ./જા.નં.૨૭, તા.૦૬/૦૯/૨૦૨૪ થી કલમ ૨૬૦ (૨) હુકમ પાઠવવામાં આવેલ.

હાલમાં સુપ્રિમકોર્ટની માર્ગદર્શિકા અનુસાર હિયરીંગ કરવાનું થતુ હોય, તા.૧૬/૧૨/૨૦૨૪ ના દિને હિયરીંગ રાખવામાં આવેલ. પરંતુ આપ હિયરીંગમાં હાજર રહેલ નથી. આપને આજ્ઞાનુસાર ફરીથી રજૂઆતની તક આપવા માટે તા.૩૧/૧૨/૨૦૨૪ ના દિને હિયરીંગ રાખવામાં આવેલ પરંતુ આપ બીજી વખતના હિયરીંગમા પણ હાજર રહેલ નથી. જેથી આપને કશું કહેવાનું થતું નથી તેમ માની ભોગવટા પરવાનગી મેળવ્યા બાદ માર્જીનની જગ્યામાં તથા ફસ્ટ ફ્લોરનું ગેરકાયદેસર બાંધકામ મંજૂરી વિનાનું કરેલ હોય, નામદાર સુપ્રિમ કોર્ટના હુકમ અન્વયે સવાલવાળુ અન-અધિકૃત બાંધકામ તોડી પાડવાનો આથી હુકમ કરૂ છું. આ હુકમનો અમલ કરવા તમો આસામીશ્રી/કબજેદારને દિવસ-૧૫ નો સમય આપુ છું. સમય મર્યાદા વિત્યે સવાલવાળુ બાંધકામ તમો આસામીશ્રી/કબજેદારના ખર્ચે તથા જોખમે મહાનગરપાલિકા દ્વારા દુર કરવામાં આવશે. જેની નોંધ લેશો.

સીટી એન્જીનીયર
રાજકોટ મહાનગરપાલિકા

**નકલ જાણ અર્થે સાદર રવાના :-**

૧. કલેકટરશ્રી, રાજકોટ-સુપ્રીમ કોર્ટના હુકમ અન્વયે ઈ-મેઈલ મારફત.
૨. ડાયરેક્ટરશ્રી, આઈ.ટી., વિભાગ, સેન્ટ્રલ ઝોન, રા.મ.ન.પા.-સુપ્રીમ કોર્ટના હુકમ અન્વયે રા.મ.ન.પા.ની વેબ સાઈટ ઉપર નોટીસ પ્રસિધ્ધ કરવા સારૂ ઈ-મેઈલ મારફત.

# રાજકોટ મહાનગરપાલિકા

## ટાઉન પ્લાનીંગ શાખા,


શ્રી ઝવેરચંદ મેઘાણી ભવન, પૂર્વ ઝોન કચેરી, ટાઉન પ્લાનીંગ શાખા,
www.rmc.gov.in રાજમોતી ઓઈલ મીલ સામે, ભાવનગર રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૩


રા.મ્યુ.કો./ટી.પી./ઈ.ઝોન/જા.નં. : ૩૫૬૭ તા.૦૭/૦૬/૨૦૨૫

**ગુજરાત પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટની કલમ-૨૬૦ (૨) અન્વયેનો હુકમ તથા નામદાર સુપ્રિમ કોર્ટના હુકમ અન્વયેનો સ્પીકીંગ ઓર્ડર**

તમો શ્રી **વિનુભાઈ ઢોલરીયા,** સરનામુ : **આદિત્ય ઈન્ડસ્ટ્રીઝ એરીયા, રામવન પાસે, રાજકોટ.** વોર્ડ નં.**૧૫** માં આપને જી.પી.એમ.સી.એક્ટ અન્વયે ઈ.ઓ./જા.નં.૧૧૪૮/૧૧૪૯, તા.૧૬/૧૧/૨૦૨૪ થી કલમ-૨૬૦ (૧) મુજબની નોટીસ/મનાઈ હુકમ પાઠવેલ. જેના અનુસંધાને આપના દ્વારા કોઈ પ્રત્યુતર આપવામાં આવેલ નથી.

હાલમાં સુપ્રિમકોર્ટની માર્ગદર્શિકા અનુસાર હિયરીંગ કરવા માટે જણાવેલ હોય, જે અન્વયે આપને તા.૧૬/૧૨/૨૦૨૪ નાં રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે હિયરીંગ માટે હાજર રહેવા જણાવેલ. જેમાં આપ/આપના પ્રતિનીધી હાજર રહેલ નથી. આપને આજ્ઞાનુસાર ફરીથી રજૂઆતની તક આપવા માટે તા.૩૧/૧૨/૨૦૨૪ ના રોજ સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦ કલાકે હિયરીંગ માટે હાજર રહેવા જણાવેલ. પરંતુ આપ /આપના પ્રતિનિધિ બીજી વખતના હિયરીંગમા પણ હાજર રહેલ નથી. તેમજ આપના દ્વારા કોઈ દસ્તાવેજો રજુ કરવામાં આવેલ ન હોય,જેથી આપને કશું કહેવાનું થતુ નથી. તેમ અત્રેનું માનવું છે.

**ઉપરોક્ત સ્થળે આપના દ્વારા ભોગવટા પરવાનગી મેળવ્યા બાદ માર્જીનમાં તથા ફસ્ટ ફ્લોર અને સેકન્ડ ફ્લોર ઉપર ઔદ્યોગિક હેતુનું ગેરકાયદેસર બાંધકામ કરેલ હોય.**

ઉપરોકત વિગતે સવાલવાળુ બાંધકામ ગેરકાયદેસર તેમજ વગર મંજુરીએ કરેલ હોઈ હું એમ.આર. શ્રીવાસ્તવ, સીટી એન્જીનીયર (રાજકોટ મહાનગર સેવા સદન) આથી મને ફાળવેલ સત્તાની રૂએ બી.પી.એમ.સી. એક્ટ-૧૯૪૯ ની કલમ-૨૬૦(૨) મુજબ તોડી પાડવાનો હુકમ કરૂ છુ. આ હુકમનો અમલ કરવા તમો આસામીશ્રી/કબજેદારને દિવસ ૧૫ (પંદર) નો સમય આપુ છુ. સમય મર્યાદા વિત્યે સવાલવાળુ બાંધકામ મહાનગરપાલિકા દ્વારા દુર કરવામાં આવશે. જેની નોંધ લેશો.

સીટી એન્જીનીયર
રાજકોટ મહાનગરપાલિકા

**નોંધ :-**

કમિશ્નરશ્રીએ તેમના હુકમ ક્રમાંક રામ્યુકો/ જી.એ.ડી./પી.ડી./૦૧, તારીખ : ૨૨/૦૭/૨૦૨૪ થી બી.પી.એમ.સી. એક્ટ-૧૯૪૯ ની કલમ-૨૬૦(૨) નીચે હુકમ આપવાના પાવર્સ ઝોનલ સીટી એન્જીનીયરને ડેલીગેટ કરેલ છે.

**નકલ જાણ અર્થે સાદર રવાના :-**

૧. કલેકટરશ્રી, રાજકોટ-સુપ્રીમ કોર્ટના હુકમ અન્વયે ઈ-મેઈલ મારફત.
૨. ડાયરેક્ટરશ્રી, આઈ.ટી., વિભાગ, સેન્ટ્રલ ઝોન, રા.મ.ન.પા.-સુપ્રીમ કોર્ટના હુકમ અન્વયે. રા.મ.ન.પા.ની વેબ સાઈટ ઉપર નોટીસ પ્રસિધ્ધ કરવા સારૂ ઈ-મેઈલ મારફત.